પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૭૭ | ૧૯ ડિસેમ્બર, ૨૦૨૧, રવિવાર; માગશર સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ગુજરાત ઠંડુગાર, નલિયામાં પારો ૨.૫ ડીગ્રી

## સમગ્ર રાજ્યમાં અને ખાસ કચ્છ સૌરાષ્ટ્રમાં કોલ્ડ વેવની આગાહી બાદ જિલ્લામાં બર્ફીલા પવન ફૂંકાઇ રહ્યા છે

નલિયા, તા.૧૮

સમગ્ર રાજ્યમાં કોલ્ડ વેવની આગાહી અનુસાર હાથ થીજાવતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. પારો દિવસે દિવસ ગગડી રહ્યો છે અને સિવિયર કોલ્ડ વેવના કારણે લોકો ઠરી રહ્યા છે. ગત રાત્રે રાજ્યના સૌથી ઠંડા પ્રદેશ નલિયામાં લઘુતમ તાપમાન ૨.૫ ડિગ્રી પહોંચતા લોકોમાં પણ આશ્ચર્ય ફેલાયો છે.

હવામાન વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં અને ખાસ કચ્છ સૌરાષ્ટ્રમાં કોલ્ડ વેવની આગાહી કરાયા બાદ જિલ્લામાં બર્ફીલા પવન ફૂંકાઇ રહ્યા છે. દિવસના ભાગમાં તડકો હોવા છતાં પણ બર્ફીલા પવન સૂસવાટા બોલાવે છે. સાંજ બાદ સામાન્યપણે તાપણી કરતા લોકો હાલ ભ ર તડકે પણ તાપણી તપાવી પોતાના શરીરને ગરમ કરી રહ્યા છે.

કચ્છના અબડાસા તાલુકાનું નલિયા શિયાળા ઋતુમાં રાજ્યમાં સૌથી ઠંડું પ્રદેશ બને છે. તારીખ ૧૭ અને ૧૮ ડિસેમ્બરની વચ્ચેની રાત્રે નલિયામાં ૨.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. ગત વર્ષના ડિસેમ્બર મહિનામાં સૌથી નીચું તાપમાન ૨.૫ ડિગ્રી નોંધાયું હતું જે છેલ્લા ૧૦ વર્ષમાં સૌથી નીચું હતું. કોલ્ડ વેવની આગાહીના એક દિવસ બાદ જ નલિયામાં ૩.૮ ડિગ્રી નોંધાઈ હતી.

ત્યારબાદ એક દિવસ તાપમાનમાં થોડો વધારો નોંધાઈ પારો ૫.૪ ડિગ્રી સુધી પહોંચ્યો હતો અને તેના બીજા જ દિવસે ૨.૫ ડિગ્રી સુધી પડ્યો હતો.

જિલ્લા મથક ભુજમાં પણ ૧૫ અને ૧૬ તારીખ વચ્ચેની રાત્રે લઘુતમ ૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું જે બીજા બે દિવસ સુધી ૧૦ ડિગ્રી પર અટક્યું હતું. કચ્છના કંડલામાં પણ બે દિવસ પહેલાં તાપમાન ૧૦.૮ ડિગ્રી નોંધાયો હતો જે બીજા દિવસે વધીને ૧૧.૩ ડિગ્રી થયું હતું અને ગત રાત્રે ૧૨.૫ ડિગ્રી નોંધાયું હતું.

ઉલ્લેખનીય છે કે ગત રાત્રે નલિયામાં છેલ્લા ૧૧ વર્ષનો ડિસેમ્બર મહિનાનું સૌથી નીચું તાપમાન નોંધાયું છે. હજુ ડિસેમ્બર પૂરો થવાને હજુ લગભગ અડધો મહિનો બાકી છે ત્યારે આ કોલ્ડ વેવ યથાવત રહેશે તો આ વર્ષે છેલ્લા ૧૧ વર્ષનો રેકોર્ડ તૂટશે.

# માઉન્ટ આબુમાં બરફની ચાદર છવાઈ, પારો માઈનસ ૩ ડિગ્રી

## ગુરુ શિખર પર તાપમાન માઈનસ ૫ ડિગ્રી પર પહોંચ્યું છેલ્લા ત્રણ દિવસથી લોકોને ફુલ ગુલાબી ઠંડીનો અહેસાસ

પાલનપુર, તા.૧૮

ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે આગામી થોડા દિવસ સુધી કાતિલ ઠંડીનો સામનો કરવા તૈયાર રહેવા માટે હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી લોકોને ફુલ ગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે.

આ વચ્ચે ગુજરાતીઓના મનપસંદ હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં પણ હાડ થીજવતી ઠંડી પડી રહી છે. તેવામાં શનિવારની સવારે માઉન્ડ આબુમાં તાપમાનનો પારો શૂન્ય ડિગ્રીથી નીચે



● અનુસંધાન પાના - ૭ પર

# અગ્નિ પ્રાઈમ મિસાઈલનું સફળ પરીક્ષણ

## ભારતની મિસાઈલ પરીક્ષણમાં વધુ એક સિદ્ધિ : આ અગ્નિ સીરિઝની નવી જનરેશનવાળી મિસાઈલ છે, તેની મારક ક્ષમતા ૧૦૦૦થી ૨૦૦૦ કિમીની વચ્ચે છે

નવી દિલ્હી, તા.૧૮

ભારતે શનિવારે અગ્નિ પ્રાઈમ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ હતું. આ મિસાઈલનું પરીક્ષણ ઓડિશાના બાલાસોર ખાતે કરવામાં આવ્યું હતું.

સરકારી અધિકારીઓએ આ અંગેની જાણકારી આપી હતી. અગ્નિ પી મિસાઈલ અગ્નિ સીરિઝની નવી જનરેશનવાળી એડવાન્સ મિસાઈલ છે. તેની મારક ક્ષમતા ૧૦૦૦થી ૨૦૦૦ કિમીની વચ્ચે છે. અગ્નિ-પી એ બેલિસ્ટિક મિસાઈલની



અગ્નિ સીરિઝની છઠ્ઠી મિસાઈલ છે. આ મિસાઈલ સપાટી પરથી સપાટી પર માર કરી શકે તેવી છે.

પરમાણુથી સક્ષમ આ મિસાઈલને સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન એટલે કે ડીઆરડીઓ દ્વારા ડિઝાઈન અને વિકસિત કરવામાં આવી છે. અગ્નિ પ્રાઈમને ટ્રેનમાં લાવી શકાય છે અથવા તો કનસ્તર (ટીનના ડબ્બા)માં રાખી શકાય છે.

ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા ભારતે ઓડિશાના ચાંદીપુર ખાતેથી બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલના વાયુ સંસ્કરણનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું. અગાઉ બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલના એન્ટીશિપ વર્ઝનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ મિસાઈલનું પરીક્ષણ આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહ ખાતેથી કરવામાં આવ્યું હતું.

આગામી થોડા દિવસોમાં ડીઆરડીઓ દ્વારા અન્ય કેટલીક બેલેસ્ટિક અને ક્રૂઝ સીરિઝની અત્યાધુનિક પ્રકારની મિસાઈલ્સનું પરીક્ષણ કરવામાં આવે તેવી શક્યતા છે.

# બાળકોની રસીને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી અપાઈ

## ડબલ્યુએચઓએ આપી ઇમરજન્સી ઉપયોગની મંજૂરી : ઓછી આવકવાળા વિકાસશીલ દેશોમાં આ વેક્સીન વધુ ફાયદાકારક નીવડશે, દેશોમાં રસીકરણ ઝડપથી કરી શકાશે

નવી દિલ્હી,તા.૧૮

દેશમાં ઓમિક્રોનના વધી રહેલા કેસ વચ્ચે WHOએ સીરમ ઈન્સ્ટીટ્યૂટે તૈયાર કરેલી બાળકોની રસી Covavaxને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દીધી છે. સીરમ ઈન્સ્ટીટ્યૂટના સીઈઓ અદાર પૂનાવાલાએ ટ્વીટ કરી આ અંગેની માહિતી આપી છે. તેમણે આ કપરા સમયમાં Covavaxને મુદ્દે વિશ્વ આરોગ્ય સંગઠને લીધેલા નિર્ણયને મહત્વનું પગલુ ગણાવ્યું છે. તેમનું કહેવુ છે કે, બાળકો માટેની રસી ઝ્દ્દ્દ્દ્દટ વધારે અસરકારક અને સુરક્ષિત છે. Covavax કોરોના વેક્સીનને સીરમ ઈન્સ્ટીટ્યૂટે Novavax કંપની સાથે મળીને તૈયાર કરી છે. આ વેક્સીનના પરીક્ષણ મહત્વના સકારાત્મક પરિણામ સામે આવ્યા છે. જેના લીધે વિશ્વ આરોગ્ય સંગઠને રસીના ઈમરજન્સી ઉપયોગને મંજૂરી આપી હોવાનું માનવામાં આવે છે. WHOનું કહેવુ છે કે, ઓછી આવકવાળા વિકાસશીલ દેશોમાં આ વેક્સીન વદુ ફાયદાકારક નીવડશે અને આવા દેશોમાં રસીકરણ ઝડપથી કરી શકાશે. આ વિશે WHOની ડો. મેરીએન્જેલા જણાવે છે કે, નવા વેરિયન્ટ વચ્ચે વેક્સીન જ એક પ્રભાવશાળી સાધન છે જે લોકોને ગંભીર બીમારીથી બચાવી શકે એમ છે. તેમણે જણાવ્યા અનુસાર દુનિયામાં ૪૧ દેશ એવા છે જ્યાં ૧૦ ટકાથી ઓછા પ્રમાણમાં રસીકરણ થયું છે. જ્યારે ૯૮ દેશ એવા છે જ્યાં ૪૦ ટકા રસીકરણ નથી થયું. એવામાં વેક્સીનને મંજૂરી આવા દેશોમાં રસીકરણને ઝડપી બનાવવામાં મદદરુપ બની શકે છે. કંપનીએ ભારતમાં પણ Covavaxના ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી મેળવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. કંપની દાવો કરી રહી છે કે કોરોના વિરુદ્ધ લડાઈમાં Covavax કોરોના વેક્સીન નિર્ણાયક ભૂમિકા ભજવશે.

# ...તો ભારતમાં ઓમિક્રોનના દરરોજ ૧૪ લાખ કેસ નોંધાશે

## નીતિ આયોગના સભ્ય ડો વીકે પોલે ચેતવણી આપી : પોલે જણાવ્યું હતું કે, યુકેમાં ગુરુવારે ૮ હજાર કેસ નોંધાયા હતા, જો તેને વસ્તીના આધારે લેવામાં આવે તો ભારતની વસ્તી અનુસાર તે ૧૪ લાખ કેસ હોઈ શકે છે

કોરોનાના નવા વેરિઅન્ટ ઓમિક્રોન વેરિયન્ટનો ખતરો દિવસેને દિવસે વધી રહ્યો છે. જો હજુ પણ લોકોએ તેને ગંભીરતાથી નહીં લે અને માસ્ક જેવા નિયમોનું પાલન નહીં કરે તો દેશમાં સ્થિતિ ઝડપથી બગડી શકે છે. દરમિયાન, નીતિ આયોગના સભ્ય (આરોગ્ય) ડૉ. વી.કે. પૉલે ચેતવણી આપી હતી કે જો બ્રિટનની જેમ ભારતમાં પણ ઓમિક્રોન સંક્રમણ ફેલાશે તો દરરોજ ૧.૪ (૧૪ લાખ) મિલિયન કેસ નોંધાશે. તેમણે જણાવ્યું હતું કે યુરોપના દેશો ગંભીર પરિસ્થિતિઓમાંથી પસાર થઈ રહ્યા છે. આ ત્યારે થઈ રહ્યું છે જ્યારે ત્યાં ઓછામાં ઓછા ૮૦ ટકા આંશિક રસીકરણ થઈ ગયું છે. ડૉ. વીકે પૉલે જણાવ્યું હતું કે, યુકેમાં ગુરુવારે લગભગ ૮ હજાર કેસ નોંધાયા હતા, જો તેને વસ્તીના આધારે લેવામાં આવે તો ભારતની વસ્તી અનુસાર તે ૧૪ લાખ કેસ હોઈ શકે છે. તેમણે વધુમાં કહ્યું કે યુરોપમાં કોવિડ-૧૯ મહામારીના



એક નવા ચરણનો અનુભવ કરી રહ્યું છે, જેમાં ૮૦ ટકા આંશિક રસીકરણ થઈ ગયા હોવા છતાં કેસોમાં મોટાપાયે વધારો થયો છે. નીતિ આયોગના સભ્ય ડૉ. પૉલે જણાવ્યું હતું કે એકંદર પરિસ્થિતિ સ્થિર છે, પરંતુ કેટલાક જિલ્લાઓમાં સંક્રમણનો દર વધી રહ્યો છે અને જો જરૂરી હોય તો નિવારક પગલાં લાગુ કરવા જોઈએ. તમને જણાવી દઈએ કે દેશમાં ઓમિક્રોનની ઝડપી ગતિને જોતા કેન્દ્ર સરકારે લોકોને બિન-જરૂરી મુસાફરી અને સામૂહિક મેળાવડાથી દૂર રહેવાની સલાહ આપી છે. કર્ણાટકમાં પહેલો કેસ નોધાયાના ૧૫ દિવસ પછી ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓમિક્રોનના કેસની સંખ્યા વધીને ૧૧૧ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૪૦ અને દિલ્હીમાં હાલમાં ૨૨ છે. જ્યારે, આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે કહ્યું કે છેલ્લા ૨૦ દિવસથી કોરોના ચેપના દૈનિક કેસ ૧૦,૦૦૦ થી ઓછા છે, પરંતુ ઓમિક્રોન વેરિઅન્ટમાં વધતા કેસોને ધ્યાનમાં રાખીને સાવચેત રહેવાની જરૂર છે. બીજી તરફ, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના ડાયરેક્ટર જનરલ ડૉ. બલરામ ભાર્ગવે જણાવ્યું હતું કે કોરોનાનું નવું સ્વરૂપ સમગ્ર યુરોપમાં અને વિશ્વના મોટાભાગના દેશોમાં ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યું છે.

# નવી મુંબઈની શાળાના ૧૬ છાત્રો કોરોનાથી સંક્રમિત

## શાળાના જે બાળકો કોરોના પોઝિટિવ આવ્યા છે તે તમામને સ્થાનિક કોવિડ કેર સેન્ટરમાં રાખવામાં આવ્યા

નવી મુંબઈ, તા.૧૮

હવે બાળકોને પણ કોરોના થઈ રહ્યો છે, અને ખાસ કરીને સ્કૂલોમાં તેનો પ્રસાર થઈ રહ્યો હોવાની એક પછી એક ઘટના સામે આવી રહી છે. નવી મુંબઈના ઘાંસોલીમાં પણ આવું જ કંઈક થયું છે, જ્યાં ધોરણ ૮થી ૧૧માં ભણતા ૧૬ વિદ્યાર્થીને કોરોનાનો ચેપ લાગ્યો હોવાનું ખૂલ્યું છે. છેલ્લા ત્રણ દિવસમાં સ્કૂલના ૮૧૧ સ્ટૂડન્ટ્સના ટેસ્ટ કરવામાં આવ્યા છે, અને બાકી રહેલા ૬૦૦ જેટલા સ્ટૂડન્ટ્સનું ટેસ્ટિંગ શનિવાર સુધીમાં પૂરું કરી દેવાશે. જે બાળકો પોઝિટિવ આવ્યા છે તે તમામને સ્થાનિક કોવિડ કેર સેન્ટરમાં રાખવામાં આવ્યા છે.

કોર્પોરેશનના એક અધિકારીના જણાવ્યા અનુસાર, તપાસમાં એવું જાણવા મળ્યું છે કે એક છોકરાના પિતા કતારથી ૯ ડિસેમ્બરના રોજ પરત આવ્યા હતા. આ વ્યક્તિનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો, જે નેગેટિવ આવ્યો હતો. પરંતુ તેમના પરિવારજનોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો, જેમાં તેમના ૧૧મા ધોરણમાં ભણતા દીકરાનો પણ સમાવેશ થાય છે.

સ્કૂલે જતા છોકરાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ તેના ક્લાસના તેમજ અન્ય બાળકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૧૬ જેટલા બાળકો પોઝિટિવ આવ્યા છે.

આ તમામ બાળકોને વાશીમાં રાખવામાં આવ્યા છે, જ્યાં તેમની ટ્રીટમેન્ટ ચાલુ હોવાનું પણ આ અધિકારીએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રમાં ઓમિક્રોન સ્ટ્રેઈનથી સંક્રમિત દર્દીઓનો આંકડો શુક્રવારે ૪૦ પર પહોંચી ગયો હતો. ગઈકાલે રાજ્યમાં ઓમિક્રોનના ૮ નવા કેસ આવ્યા હતા. જેમાંથી ૭ પૂણે જ્યારે એક-એક મુંબઈ અને કલ્યાણ ડોંબિવલીમાં નોંધાયા હતા. અત્યારસુધી ઓમિક્રોનના ૨૫ દર્દીઓ સાજાં થઈ ચૂક્યા છે અને તેમને ડિસ્ચાર્જ પણ કરી દેવાયા છે.

# આંદોલનકારી ખેડૂત નેતાએ રાજરકારણમાં એન્ટ્રી કરી

નવી દિલ્હી, તા.૧૮

કેન્દ્ર સરકાર સામેના આંદોલનમાં સામેલ દિગ્ગજ ખેડૂત નેતાની હવે રાજકારણમાં એન્ટ્રી થઈ છે. ભારતીય કિસાન યુનિયન, હરિયાણાના અધ્યક્ષ ગુરનામ સિંહ ચઢુનીએ પોતાની નવી રાજકીય પાર્ટી સંયુક્ત સંઘર્ષ પાર્ટી...લોન્ચ કરી છે. આ પાર્ટી પંજાબ વિધાનસભા ચૂંટણીમાં મેદાનમાં ઉતરશે.ચઢુનીએ મીડિયા સમક્ષ પાર્ટીના હોદ્દેદારોની પણ જાહેરાત કરી હતી.તેમનુ કહેવુ હતુ કે, રાજકારણ પ્રદુષિત થયુ છે અને તેને બદલવાની જરુર છે.અમારી પાર્ટી સમાજના ગરીબ વર્ગ માટે કામ કરશે અને તેનો મુખ્ય હેતુ સમાજમાંથી ડ્રગ્સની બદી દુર કરવાનો રહેશે.

# ગંગા એક્સપ્રેસ વે નો શિલાન્યાસ

## ૫૯૪ કિમીનો ગંગા એક્સપ્રેસ વે ૩૬૨૦૦ કરોડના ખર્ચે બનશે : ૧૨ જિલ્લામાંથી પસાર થતા એક્સપ્રેસ વેનો લાભ હરિયાણા, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ રાજ્યોને મળશે

લખનૌ, તા.૧૮

પીએમ મોદીએ મેરઠથી પ્રયાગરાજને જોડતા ગંગા એક્સપ્રેસ વેનો શિલાન્યાસ કરી દીધો છે. ૧૨ જિલ્લામાંથી પસાર થનારો ગંગા એક્સપ્રેસ વે બનીને તૈયાર થશે ત્યારે તે સૌથી મોટો એક્સપ્રેસ વે બની જશે.તેના માટે ૩૬૨૦૦ કરોડ રુપિયા ખર્ચાશે.તેની લંબાઈ ૫૯૪ કિલોમીટરની હશે તેમાં ૭ લેન હશે.ભવિષ્યમાં તેનો આઠ લેનમાં પણ વિસ્તાર કરી શકાશે.

યોગી સરકારે આ એક્સપ્રેસ





વેને ૨૬ નવેમ્બરે મંજૂરી આપી હતી અને તેના માટે બજેટ પણ ફાળવ્યુ છે.તેનો લાભ હરિયાણા, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ રાજ્યોને પણ મળશે.જે ૧૨ જિલ્લામાંથી એક્સપ્રેસ વે પસાર થવાનો છે તેમાંના પચાસ ટકા જિલ્લા પશ્ચિમ યુપીમાં આવેલા છે.

